**જામજોધપુર સમાચાર**
જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે
**જામજોધપુર સમાચાર કાર્યાલય**
જામજોધપુર શહેર મામલતદાર કચેરીની સામે, પંચવટી કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૧, જામજોધપુર, તા.જામજોધપુર,જિ.જામનગર-૩૬૦૫૨૦
મો. ૯૭ ૨૬ ૭૬ ૧૧૧૧

આવનારા સમયનાં પ્રખ્યાત સમાચાર એટલે...

# જામજોધપુર સમાચાર

તંત્રી / માલિક : પરમાર જીતેન્દ્ર

સમગ્ર જામનગર જિલ્લામાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સાપ્તાહિક અખબાર

To,

વર્ષ :૧ અંક :૧ તારીખ :૨૩-૧૦-૨૦૨૫ ગુરૂવાર પાના : ૪ કિંમત રૂા. ૨-૦૦ JAMJODHPUR SAMACHAR WEEKLY NEWS PAPER

E-MAIL: jamjodhpur.samachar@gmail.com NO. GJGUJ/25/A3267 OFFICE MOB. NO. 97 26 76 1111


**તંત્રી સ્થાનેથી...**

## દિપાવલીની શુભેચ્છા નૂતન વર્ષાઅભિનંદન...

દિવાળી પર્વ પાછળનું પૌરાણિક રહસ્ય છે. જેમાં ઋતુપરિવર્તન અને ઉજવણી અને તૈયારીઓ આ પર્વ-ઉજવણીના ત્રણ તત્વો આશા, ઉલ્લાસ, નવચેતનાનું પર્વ, ભારત કૃષિપ્રધાન દેશ છે એ તો ખરૂં છે જ , પરંતુ ઉત્સવપ્રધાન દેશ પણ છે. આ દેશમાં ધાર્મિક , સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી એટલા મોટા પ્રમાણમાં અને મોટા પાયા પર થાય છે કે ભાગ્યે જ એવું કોઈ અઠવાડિયું જતું હશેકે જયારે અ દેશના કોઈ ને કોઈ ખૂણે , કોઈ તહેવાર ન ઉજવતો હોય ! આ બધા તહેવારોમાં શિરોમણી સમાન કોઈ તહેવાર હોય તો તે છે દિવાળીના તહેવા. ગરીબ હોય કે તવંગર, શેઠ હોય જેને દીપોત્સવી પર્વનું ગૌરવવંતુ નામ અપાયું છે , કેમ કે આ પર્વ એક બે દિવસનું નહિ, એક સપ્તાહ જેટલું લાંબુ ચાલે છે. ધનતેરસથી લાભપાંચમ સુધીના દિવસો દીપોત્સવી પર્વના ગણાય છે. આ પર્વ કોઈ એક કોમ કે વર્ણનું નથી રહ્યું સાર્વત્રિક બની ગયું છે કેમકે એમાં ધાર્મિક તત્વ નો ભળ્યું જ છે ઉપરાંત સામાજિક તત્વ પણ સંકળાયું છે. ચૌદ વર્ષના વનવાસ વેઠીને જાનકી તથા લક્ષ્મણજી સાથે શ્રીરામ્ અયોધ્યામાં પુનઃ પ્રવેશ દિવાળીના દિવસે કર્યો હતો એવી માન્યતા તો હિંદીમાં ઘેર ઘેર પ્રચલિત છે. જ સાથે સાથે વિક્રમ સંવતનો છેલો વાર્ષિક દિન આસો વદ અમાસ ગણાય છે અને બીજા દિવસથી વિક્રમ સંવતનું નૂતન વર્ષ આરંભાય છે.

એટલે દીપોત્સવી વીતેલા વર્ષના સુખદ-દુખદ સંસ્મરણોની યાદ મૂકીને પસાર થતી હોવાથી ઉલ્લાસભેર ઉજવાય છે. દીપોત્સવી પર્વ ઉજવવા માટેની પૂર્વતૈયારીઓ તો , શરદપૂર્ણિમા બીજા જ દિવસથી શરૂ થઈ જાય છે. ખેડૂતો ચોમાસાના વાવેલો પાક લણી લઈને હવે ઘરભેગો કરવાની વેતરણમાં પડે છે નએ એ પાકનું વેચાણ થઈ જતા , હાથમાં આવતી રકમોથી જે આનંદ પ્રાપ્ત થાય ન્હે એની અભિવ્યકતિ દીપોત્સવની પર્વની ઉજવણી દ્વારા થાય છે. વેપારીઓ દુકાનના માલનો સ્ટોક લઈને વર્ષ દરમિયાન થયેલ નફાની તારવણી કાઢે છે. હિસાબો ચોખ્ખા કરે છે. નવા ચોપડા ખરીદે છે. ચોપડાપૂજન કરે છે. નોકરોને બોણીબોનસ આપે છે અને બધા ભેગા રંગેચંગે દિવાળી ઉજવે છે . ધનતેરસે લક્ષ્મીપૂજન થાય છે , કાળી ચૌદસ ભૈરવની, હનુમાનની , ઘંટાકર્ણ મહાવેરની પૂજા થાય છે અને દિવાળી ચોપડાપૂજન થાય છે- શારદાપૂજન થાય છે. બેસતા વર્ષમા દિવસની ઉલ્લાસ તો કોઈ અનેરો જ હોય છે! જયારે ભાઈબીજના દિવસે ભાઈ , પોતાની બહેનના ત્યાં જમવા જાય છે અને બ્હેનને યથાશક્તિ ભેટ આપે છે. દીપોત્સવની પર્વ નિમિત્તે ભારતમાં કરોડો રૂપિયાનું દારૂખાનું ફૂટે છે. ઘેર-ઘેર દીપમાળા પ્રગટે છે, વીજળીના દીવાઓની આકર્ષક રોશની થાય છે. એક બીજાને ત્યાં નૂતન વર્ષાભિનંદન પાઠવવા જનારને મીઠાઈ તથા અન્ય વાનગીઓ ખવડાવવામાં આવે છે. આ પર્વ નિમિત્તે લોકો પોતાનું ઘર સાફસૂફ કરે છે , દુકાનો વાળીઝૂડીને સાફ કરે છે , ધોળવા રંગવાનું કામ પણ થાય છે. પરિણામે સમાજના કારીગર વર્ગને દિવાળી પૂર્વે સારું કામ મળી રહે છે. એમાં દરજી-મોચીને ત્યાં તો તડાકો પડે છે. આ પ્રવમાં સમાજના પ્રત્યેક વ્યક્તિ નવા કપડા , નવા ચંપલ-બૂટ ખરીદે છે કે સીવડાવે છે એટલે બજારમાં એટલી બધી ઘરાકી નીકળે છે કે વેપારી મોં -માંગ્યા ભાવ લઈને ધૂમ નફો કરે છે. આમ દિવાળી ધામધૂમપૂર્વક ઉજવાય છે.

# દેશની એક લાખ શાળાઓમાં ફકત એક જ શિક્ષક

સમગ્રે દેશમાં એક લાખથી વધારે શાળાઓ એવી છે જેમાં ફક્ત એક જ શિક્ષક છે અને આવી શાળાઓમાં કુલ ૩૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે તેમ સત્તાવાર આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. આ આંકડાઓ અનુસાર એક જ શિક્ષક ધરાવતી સૌથી વધુ શાળાઓ આંધ્ર પ્રદેશમાં આવેલી છે. શિક્ષણ મંત્રાલયના આંકડા અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ભારતમાં એક શિક્ષકથી ચાલતી ૧,૦૪,૧૨૫ શાળાઓ છે.

એક શિક્ષકથી ચાલતી શાળાઓમાં ભણતા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૭૬૭૬૯ છે. એટલે કે આવી એક શાળામાં સરેરાશ ૩૪ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. શિક્ષણનો અધિકાર કાયદો, ૨૦૦૯ અનુસાર પ્રાથમિક સ્તરે ધોરણ ૧ થી ૫માં ૩૦ બાળકોએ એક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે ધોરણ ૬ થી ૮માં ૩૫ બાળકોએ એક શિક્ષક ફરજિયાત છે. એક શિક્ષક ધરાવતી સૌથી વધુ શાળાઓ આંધ્ર પ્રદેશમાં આવેલી છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટિક અને લક્ષદ્વીપનો ક્રમ આવે છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ એક શિક્ષક ધરાવતી શાળાઓમાં ભણે છે.ત્યારબાદ ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશનો ક્રમ આવે છે.

આંકડાઓ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં એક શિક્ષક ધરાવતી શાળાઓની સંખ્યા ૧૧૮૧૯૦ હતી જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ઘટીને ૧૧૦૯૭૧ થઈ ગઈ હતી. એક શિક્ષક ધરાવતી શાળાઓ આંધ્ર પ્રદેશમાં ૧૨૯૧૨, ઉત્તર પ્રદેશમાં ૯૫૦૮, ઝારખંડમાં ૯૧૭૨, પશ્ચિમ બંગાળમાં ૬૪૮૨, રાજસ્થાનમાં ૬૧૧૭, છત્તીસગઢમાં ૫૯૭૩ અને તેલંગણામાં ૫૦૦૧ છે. ઉત્તર પ્રદેશમાં એક શિક્ષક ધરાવતી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૨૪૩૨૭ છે. આવી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ઝારખંડમાં ૪૩૬૪૮૦ , પશ્ચિમ બંગાળમાં ૨૩૫૪૯૪,




મધ્ય પ્રદેશમાં ૨૨૯૦૯૫, કર્ણાટકમાં ૨૨૩૧૪૨, આંધ્ર પ્રદેશમાં૧૯૭૧૧૩ અને રાજસ્થાનમાં ૧૭૨૦૭૧છે.

# જામનગર શહેરમાં વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૨ દરમિયાન ૩૩૭૬ આવાસોનું નિર્માણ



૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. વિકાસના આ સીમાચિહ્નરૂપ અવસરની ઉજવણી કરવા માટે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ૧૨-૧૩ ઓક્ટોબરે શહેરી વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના પરિવારોને પોતાના સ્વપનનું ઘર આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અમલી બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યોજનાના અમલી-કરણમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ગુજરાતને અત્યાર સુધીમાં કુલ ૧૪ એવોર્ડ પણ મળી ચુકયા છે. જામનગર શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) પ્રથમ તબ્બકો- અંતર્ગત વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં કુલ ૨૫૨.૧૫ કરોડના ખર્ચે ૩૩૭૬ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે પૈકી ચાલુ વર્ષે ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પોલીસ હેડક્વાર્ટર પાછળ, શરુ સેક્શન રોડ પર નિર્માણ પામેલા ૫૪૪ આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ યોજનાની સફળતાના પરિણામે સપ્ટેમ્બર ૨૦૨૪થી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ભારતભરમાં વર્ષ ૨૦૨૯ સુધીમાં ૧ કરોડ પાકાં ઘરો બાંધવાની યોજના છે.


**જામજોધપુર સમાચાર**

અખબારના વાંચક મિત્રો,
એજન્ટો, વિજ્ઞાપન-દાતાઓને
દિપાવલીની શુભકામના અને
નવું વર્ષ સુખમય નિવડે તેવી
હાર્દિક શુભેચ્છા...

- તંત્રી 'જામજોધપુર સમાચાર'
તેમજ સહપરિવાર


# નરેન્દ્ર મોદી સરકાર લાવી રહી છે નવી શ્રમ નીતિ

દેશના કામદારોના હિતમાં, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં શ્રમ નીતિ-૨૦૨૫ નામની રાષ્ટ્રીય શ્રમ નીતિ રજૂ કરશે. આ એક વિઝન દસ્તાવેજ તરીકે કામ કરશે જે દેશભરના કામદારોના કાર્યસ્થળ, વેતન, સલામતી, સામાજિક સુરક્ષા અને ભાવિ સુરક્ષામાં વધુ સુધારો કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શ્રમ અને રોજગાર મંત્રાલયે આ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે અને ટૂંક સમયમાં તેને બહાર પાડશે અને હિસ્સેદારો પાસેથી સૂચનો માંગશે. આ નીતિ દેશના શ્રમ દળને એકીકૃત દિશા પ્રદાન કરવાનો પ્રયાસ કરશે. હાલમાં, શ્રમ ક્ષેત્ર માટે કોઈ એકીકૃત નીતિ નથી, તેથી જ મંત્રાલયે આ ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. હાલમાં, કંપનીઓ, પેઢીઓ અને સંસ્થાઓ પૂર્વનિર્ધારિત કાયદાઓના આધારે શ્રમ સંબંધિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ લાગુ કરે છે. યોગ્ય કાર્યસ્થળ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે કોઈ એકીકૃત ધોરણો નથી. નવી નીતિ એક માપદંડ તરીકે કામ કરશે. મંત્રાલય માને છે કે આ નીતિ ભવિષ્યમાં ભારતની કાર્ય સંસ્કૃતિને નવી દિશા આપશે. તે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોના લાખો કામદારોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં મદદ કરશે. શ્રમ દળ નીતિ ૨૦૨૫ નો ધ્યેય ફક્ત રોજગાર સર્જન પૂરતો મર્યાદિત નથી, પરંતુ દરેક કામદારને આદરપૂર્ણ, સલામત અને સમાન તક વાતાવરણ મળે તે સુનિશ્ચિત કરવાનો પણ છે. આ નીતિ દ્વારા, કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે ભારતના શ્રમ ક્ષેત્ર માત્ર ઉત્પાદકતામાં વધારો જ નહીં પરંતુ સમાવેશી વિકાસમાં પણ ભાગ લે. કેન્દ્ર સરકાર હિસ્સેદારો પાસેથી સૂચનો પ્રાપ્ત કર્યા પછી નીતિ અંગે અંતિમ સૂચના જારી કરશે. તેનો અમલ આવતા વર્ષની



શરૂઆતમાં થવાની અપેક્ષા છે. રાજ્ય સરકારોને પણ આ નીતિ લાગુ કરવાની સલાહ આપવામાં આવશે, જે કામદારોના હિતોનું ધ્યાન રાખતી વખતે દેશમાં વધુ સારું વ્યવસાયિક વાતાવરણ બનાવવામાં મદદ કરશે. બધા કામદારો માટે તેમની લાયકાત અને અનુભવના આધારે સમાન વેતન અને સારી કાર્યસ્થળ સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવશે. એક સાર્વત્રિક સામાજિક સુરક્ષા વ્યવસ્થા લાગુ કરવામાં આવશે, જે દરેક કામદાર માટે મૂળભૂત સુરક્ષા અને સુરક્ષિત ભવિષ્ય સુનિશ્ચિત કરશે. મહિલાઓ અને યુવાનોના સશક્તિકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. તેમને પ્રગતિ માટે સમાન તકો પૂરી પાડવામાં આવશે. કાર્યસ્થળો પર સલામતી, સ્વચ્છતા અને તબીબી સંભાળ જેવી મૂળભૂત સુવિધાઓ ફરજિયાત બનાવવામાં આવશે. કાર્યસ્થળ પર વધુ સારી સુવિધાઓ અને વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે કામદારોના સૂચનોને નીતિ-નિર્માણ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે. સર્વસંમતિથી ઓવરટાઈમ અને વધારાની ચુકવણીને પ્રોત્સાહન આપવામાં આવશે

# ગુજરાતના નવા મંત્રીમંડળની યાદી

| ક્રમ | નામ | મતવિસ્તાર | મો.નંબર |
|---|---|---|---|
| ૧ | **શ્રી ભુપેન્દ્રભાઈ રજનીકાન્ત પટેલ** | **૪૧-ઘાટલોડીયા** | **૯૯૦૯૦ ૦૫૮૮૧** |
| ૨ | શ્રી ત્રિકમ બીજલ છાંગા | ૪-અંજાર | ૯૮૭૯૨ ૫૭૯૭૫ |
| ૩ | શ્રી સ્વરૂપજી સરદારજી ઠાકોર | ૭-વાવ | ૯૯૭૯૨ ૪૮૯૯૯ |
| ૪ | શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી | ૧૩-ડીસા | ૯૮૨૫૨ ૧૮૭૭૫ |
| ૫ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૨-વિસનગર | ૯૮૨૫૦ ૧૦૪૧૩ |
| ૬ | શ્રી પી.સી. બરંડા | ૩૦-ભિલોડા (ST) | ૯૮૨૫૦ ૩૩૬૭૦ |
| ૭ | શ્રીમતી દર્શના એમ. વાઘેલા | ૫૬-અસારવા (SC) | ૯૩૨૭૪ ૨૬૦૪૬ |
| ૮ | શ્રી કાંતિલાલ શીવલાલ અમૃતિયા | ૬૫-મોરબી | ૯૯૨૫૭ ૪૪૯૪૪ |
| ૯ | શ્રી કુંવરજીભાઈ મોહનભાઈ બાવળિયા | ૭૨-જસદણ | ૯૮૨૪૪ ૫૧૩૨૧ |
| ૧૦ | શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા | ૭૮-જામનગર ઉત્તર | ૯૯૨૫૦ ૨૨૪૪૪ |
| ૧૧ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૮૩-પોરબંદર | ૯૮૨૫૦ ૧૨૭૫૫ |
| ૧૨ | ડૉ. પ્રદ્યુમન વાજા | ૯૨-કોડીનાર (SC) | ૯૪૨૭૦ ૬૫૧૧૫ |
| ૧૩ | શ્રી કૌશીક કાંતીભાઈ વેકરીયા | ૯૫-અમરેલી | ૯૪૨૬૪ ૪૨૭૦૩ |
| ૧૪ | શ્રી પરષોત્તમભાઈ ઓ. સોલંકી | ૧૦૩-ભાવનગર ગ્રામ્ય | ૯૯૨૪૨ ૦૪૬૪૨ |
| ૧૫ | શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી | ૧૦૫-ભાવનગર પશ્ચિમ | ૯૯૧૩૧ ૩૪૭૦૦ |
| ૧૬ | શ્રી રમણભાઈ ભીખાભાઈ સોલંકી | ૧૦૯-બોરસદ | ૯૯૯૮૮ ૪૬૪૦૨ |
| ૧૭ | શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ | ૧૧૩-પેટલાદ | ૯૪૨૮૪ ૩૭૨૯૩ |
| ૧૮ | શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા | ૧૧૮-મહુધા | ૯૯૨૪૩ ૨૨૦૨૨ |
| ૧૯ | શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા | ૧૨૯-ફતેપુરા (ST) | ૯૪૨૭૦ ૩૫૯૪૪ |
| ૨૦ | શ્રીમતી મનિષા રાજીવભાઈ વકીલ | ૧૪૧-વડોદરા શહેર(SC) | ૮૧૨૮૩ ૨૨૬૮૦ |
| ૨૧ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૧૫૪-અંકલેશ્વર | ૯૮૨૫૧ ૨૮૨૬૧ |
| ૨૨ | શ્રી પ્રફુલ પાનસેરીયા | ૧૫૮-કામરેજ | ૯૮૨૫૧ ૧૦૧૬૫ |
| ૨૩ | શ્રી હર્ષ રમેશભાઈ સંઘવી | ૧૬૫-મજુરા | ૯૯૨૫૨ ૨૨૨૨૨ |
| ૨૪ | ડૉ. જયરામભાઈ ચેમાભાઈ ગામીત | ૧૭૨-નિઝર (ST) | ૯૮૭૯૬ ૨૮૯૮૯ |
| ૨૫ | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ૧૭૬-ગણદેવી (ST) | ૯૪૨૭૧ ૨૯૭૧૧ |
| ૨૬ | શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | ૧૮૦-પારડી | ૯૯૦૯૯ ૯૪૪૪૪ |

### મહાનગરપાલિકાના નાણાકીય વહીવટમાં લોલંલોલ

# રાજયની આઠ મ્યુનિ.કોર્પો.માં ૨ લાખ કરોડના હિસાબોનું ઓડિટ જ થયું નથી

**કઈ કઈ મ્યુનિ.કોર્પોરેશનમાં હિસાબોનું નું વર્ષોથી ઓડિટ કરાયું નથી**

| મ્યુનિ.કોર્પોરેશન | ક્યા વર્ષની ઓડિટ થયુ | ઓડિટ બાકી |
|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૦થી ૨૦૧૭-૧૮ સુધી | ૭ વર્ષ |
| ગાંધીનગર | ૨૦૧૦થી ૨૦૨૦-૨૧ સુધી | ૪ વર્ષ |
| રાજકોટ | ૨૦૧૦થી ૨૦૧૮-૧૯ સુધી | ૬ વર્ષ |
| જામનગર | ૨૦૧૦થી ૨૦૧૯-૨૦ સુધી | ૫વર્ષ |
| ભાવનગર | ૨૦૧૦થી ૨૦૧૯-૨૦ સુધી | ૫ વર્ષ |
| જૂનાગઢ | ૨૦૧૦થી ૨૦૨૦-૨૧ સુધી | ૪ વર્ષ |
| સુરત | ૨૦૧૦થી ૨૦૧૭-૧૮ સુધી | ૭ વર્ષ |
| વડોદરા | ૨૦૧૦થી ૨૦૧૭-૧૮ સુધી | ૭ વર્ષ |

ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના નાણાંકીય વહીવટમાં લોલંલોલ ચાલી રહ્યુ છે. અમદાવાદ, ગાંધીનગર સહિત આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કુલ મળીને ૨ લાખ કરોડના હિસાબોનું ઓડિટ જ થયુ નથી. જૈ ખર્ચ કરાયો તેના હિસાબોના ઓડિટ માટે મ્યુનિ.કોર્પોરેશનના સત્તાધીશોએ પણ તસ્દી સુધ્ધાં લીધી નથી. ખુદ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીના નિયામકે માહિતી આપતાં આ ચોકાવનારી વાત બહાર આવી છે. આ પરથી મ્યુનિ.કોર્પોરેશનના વહીવટને લઈને સવાલો ઉભા થયાં છે.

**આરટીઆઈમાં ખુલાસો થયો : અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં વર્ષ ૨૦૧૭-૧૮થી ૫૦ હજાર કરોડના હિસાબોનું ઓડિટ બાકી : નાણાં વિભાગના ઠરાવનો અમલ નહી, હિસાબોનું નિયમિત ઓડિટ થાય તો, ગોટાળા ધ્યાને આવે- વહીવટ પારદર્શક બનેઃ સૌરાષ્ટ્રમાં રાજકોટ મહાનગરપાલિકાનું ૬ વર્ષનું જ્યારે જામનગર અને ભાવનગર મનપાનું પાંચ તથા જૂનાગઢ મહાપાલિકાનું ચાર વર્ષનું બાકી ઓડિટ**

વર્ષ ૨૦૦૦થી વર્ષ ૨૦૦૫ના સમયગાળા દરમિયાન ૧૧માં કેન્દ્રીય નાણાં પંચ દ્વારા કેગને માર્ગદર્શન અપાયુ હતુંકે, મ્યુનિ.કોપોરેશનનુ નિયમિત ઓડિટ થાય, ઓડિટ અહેવાલ કેગને મોકલાય, અને મંજૂરી પછી વિધાનસભામાં રજૂ થાય. પણ આવુ કશુંય કરાતુ નથી. આ ઉપરાંત વર્ષ ૨૦૦૫માં ખુદ નાણાં આરટીઆઈ હેઠળ માહિતી મળી છે કે, અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, સુરત અને વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાં છ-સાત વર્ષથી હિસાબોનુ ઓડિટ થયુ નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન માં વર્ષ ૨૦૧૦-૧૧થી માંડીને વર્ષ ૨૦૧૭-૧૮ સુધી જ હિસાબોનુ ઓડિટ થઈ શક્યુ છે. ત્યાર બાદ હિસાબોનુ ઓડિટ થયુ નથી. છેલ્લાં આઠેક વર્ષથી ૫૦ હજાર કરોડના હિસાબોનું ઓડિટ કરાયુ નથી.

વાસ્તવમાં નાણાંકીય ઓડિટ અહેવાલ મ્યુનિ.બોર્ડમાં રજૂ થાય, ૨ પૂ ટ ાય લા જનપ્રતિનીધીઓ ચર્ચા કરે, ઓડિટના વાંધા રજૂ થાય, તે આધારે કાર્યવાહી થાય. જો નિયમ અનુસાર આ બધુય થાય તો, ૨ ગોટાળા ધ્યાને આવે. આ ઉપરાંત મ્યુનિ.કોર્પોરેશનના વહીવટમાં પારદર્શકતા આવે. મહત્વની વાત આ છે ક , મ્યુનિ. કોર્પોરેશનોએ દર વર્ષે ગુજરાત વિધાનસભાને ઓડિટ હિસાબ મોકલવાના હોય છે પણ આ મામલે ઢ લ ા શ દાખવવામાં આવી છે જે શંકાને પ્રેરે છે. આ પરથી મ્યુનિ.કોર્પોરેશનમાં નાણાંકીય વહીવટમાં કેટલી હદે પોલંપોલ ચાલી રહી છે તે પુરવાર થયુ છે.

# જામનગરમાં ૧ નવેમ્બરથી લાગુ થશે નવી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સિસ્ટમ

જામનગર મહાનગરપાલિકા ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની નવી સિસ્ટમ લાગુ કરવા જઈ રહી છે. આગામી ૧ નવેમ્બરથી આ સિસ્ટમ લાગુ કરતા પહેલા શહેરના તમામ વિસ્તારોને મિલકતોનો સર્વે કરવામાં આવશે તેમજ વાહનોનું તથા કામગીરીનું મોનીટરીંગ કરવા માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ ઉભુ કરવામાં આવશે. આસી. કમિશનર વહીવટ દ્વારા જણાવાયા અનુસાર, હાલમાં શહેરમાં જૂની ડોર ટુ ડોર ગાર્બેજ પદ્ધતિ મુજબ રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારોમાંથી કચરાનું કલેક્શન કરવામાં આવી રહ્યું છે. તેની જગ્યાએ મહાપાલિકા આગામી ૧ નવેમ્બર ૨૦૨૫ થી નવી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન પદ્ધતિ મુજબ શહેરના તમામ વિસ્તારો તેમજ મિલ્કતોમાંથી કચરો એકત્રિત કરશે. આ કામગીરીનો પ્રારંભ કરતા પહેલાં એજન્સીની ટુકડીઓ મારફત શહેરના તમામ વોર્ડમાં સર્વેની કામગીરી કરવામાં આવશે જેથી નવી સિસ્ટમને અસરકારક રીતે લાગુ કરી શકાઈ. નવી સિસ્ટમ અંતર્ગત ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરતા વાહનો તથા કામગીરીનું રીયલ ટાઈમ મોનિટરીંગ કરવા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પણ ઉભુ કરવામાં આવશે. એજન્સીની ટુકડીઓ દ્વારા શહેરના તમામ ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટલ, લારી-ગલ્લા, કોમ્યુનિટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળો વગેરેનો સર્વે કરવામાં આવશે. એજન્સીનો સ્ટાફ સ્થળ પર પહોંચીને જે-તે વિસ્તારના ફોટોગ્રાફસ લેશે તેમજ મિલકત સંબંધી પ્રશ્નોતરી કરીને મિલકતોની ગણતરી કરશે. જામનગર મહાનગરપાલિકા દ્વારા અમલમાં આવનારી આ નવી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કામગીરીના સર્વે માટે આવનારા એજન્સીના સ્ટાફને સહયોગ આપવા માટે શહેરીજનોને અપીલ કરવામાં આવી છે.

# પ્રવાસીઓ હવે ટિકિટની તારીખમાં બદલાવ કરી શકશે

## કન્ફર્મ ટિકિટની ડેટ હવે બદલી શકાશે : બુકિંગના નિયમોમાં થશે મોટો ફેરફાર

લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનમાં વહેલા રિઝર્વેશન કરવાની પ્રણાલીને કારણે અનેક વખત ફાયદો થાય છે, પરંતુ અમુક વખતે પ્રવાસીઓને છેલ્લી ઘડીએ ટ્રેનની ટિકિટ પણ કેન્સલ કરવાની ફરજ પડે છે, પણ હવે રેલવે ઓનલાઈનના બાબતમાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. રેલવે ટિકિટ બુકિંગ સંબંધિત નિયમોમાં રેલવે મોટો ફેરફાર કરવાની યોજના ઘડી છે. હવે પ્રવાસીઓ વધુ પૈસા આપ્યા વિના ટિકિટની તારીખમાં બદલાવ કરી શકશે, જેથી ટિકિટ રદ કરવાની ઝંઝટ પણ દૂર થશે. અમુક સંજોગોમાં છેલ્લી ઘડીએ યોજના ચેન્જ કરવામાં આવતા ટિકિટ રદ કરવાની ફરજ પડે છે, પણ હવે એમ થશે નહીં. પ્રવાસી છેલ્લી ઘડીએ યોજના બદલાઈ તો બુકિંગ ડેટમાં ચેન્જ કરાવી શકશે. ટિકિટમાં ટ્રાવેલ ડેટ ચેન્જ કરીને કન્ફર્મ ટિકિટ મળવાની પણ સંભાવના રહેશે. દા.ત. તમારે ૨૦ નવેમ્બરે અમદાવાદ જવું છે, પરંતુ છેલ્લી ઘડીએ પાંચ દિવસ પછી નક્કી કરો એટલે ૨૫ નવેમ્બરે જવાનું નક્કી કરવું હોય તો ઓનલાઈન ડેટ બદલવાની સુવિધા મળશે. એટલે ટિકિટ રદ કર્યા પછી નવી ટિકિટ લેવી પડે છે પણ સરકાર એમાં સુધારો કરશે. જેમાં ડેટ બદલીને એ જ ટિકિટ પર મુસાફરી કરી શકશો. આ મુદ્દે આગામી વર્ષ એટલે જાન્યુઆરી મહિનાથી આ સુવિધા મળી શકે છે, એમ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર પૈસા આપ્યા વિના પ્રવાસી પોતાની કન્ફર્મ ટિકિટમાં ઓનલાઈન ચેન્જ કરાવી શકશે. અત્યારના નિયમો અનુસાર પ્રવાસી પોતાનો પ્રવાસ બદલાતા ટિકિટ રદ કરાવે છે અને નવી ટિકિટ બુક કરાવવી પડે છે, જેના પર કેન્સલેશન ચાર્જ પણ લાગે છે, જેનાથી પ્રવાસીને હેરાનગતિ થાય છે, જ્યારે નવી ટિકિટ મળવાનું પણ મુશ્કેલ રહે છે. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે નવા નિયમોમાં કન્ફર્મ ટિકિટ રદ કર્યા પછી નવી ટિકિટમાં રિઝર્વેશન ટિકિટ મળવાની પણ ગેરન્ટી હોતી નથી, કારણ કે રેલવે પાસે સીટની ઉપલબ્ધતા પર નિર્ભર રહે છે એની સાથે નવી ટિકિટોની કિંમત વધારે રહે છે, જ્યારે પ્રવાસીને પણ તેનો ડિફરન્સ ચૂકવવો પડે છે. નવા નિયમથી એ પ્રવાસીને પણ ફાયદો થશે, જે પોતાની ટ્રાવેલ ડેટ બદલવા ઈચ્છે છે. વર્તમાન નિયમો મુજબ ટ્રેનના રવાના થયાના ૪૮થી ૧૨ કલાક પૂર્વે કન્ફર્મ ટિકિટ રદ કરતા ભાડાના દરમાં ૨૫ ટકા કાપ મૂકવામાં આવે છે, જ્યારે ટ્રેનના પ્રસ્થાન પૂર્વે ૧૨થી ચાર કલાક પૂર્વેની ટિકિટનું ભાડું વધે છે, જ્યારે એક વખત ચાર્ટ તૈયાર થઈ ગયા પછી રિફંડ મળતું નથી.



# એપ્રિલ-૨૬થી ત્રીજા ધોરણથી જ શીખવાડાશે AI

એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રમાં ત્રીજા ધોરણથી શિક્ષણના ભાગ રૂપે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને સામેલ કરવાની તૈયારી ચાલી રહી છે. શિક્ષણ મંત્રાલય પ્રાથમિક સ્તરે સ્કીલ ઇન્ડિયા ઇકોસિસ્ટમમાં આ વિષયને એકીકળત કરવાની યોજના પર ઝડપથી કામ કરી રહ્યું છે. એઆઇ અર્થતંત્રમાં નવી નોકરીની તકો માટેના રોડમેપ પર નીતિ આયોગના અહેવાલના લોન્ચિંગ સમયે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ સંજય કુમારે જણાવ્યું હતું કે આગામી વર્ષથી શરૂ થતાં, તમામ રાજ્યોમાં શાળાના વિદ્યાર્થીઓ માટે એઆઇ અભ્યાસક્રમ વિકસાવવામાં આવશે.

હાલમાં, CBSE શાળાઓ વિદ્યાર્થીઓને ધોરણ ૮ થી શરૂ કરીને આ વિષયનો અભ્યાસ કરવાનો વિકલ્પ આપે છે. તેમણે જણાવ્યું હતું કે પડકાર એ છે કે શક્ય તેટલી વહેલી તકે બધી શાળાઓમાં શાળા શિક્ષણમાં એઆઇ લાગુ કરવામાં આવે. શાળા વિભાગે તેના શિક્ષકો માટે શિક્ષણ સામગ્રી બનાવવા માટે અઈ સાધનોનો ઉપયોગ કરવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ પણ શરૂ કર્યો છે. શાળા હોય કે કોલેજ, એઆઇ દરેક વિદ્યાર્થી માટે જરૂરી બની ગયું છે. તેથી, એઆઇ કૌશલ્ય શીખવું મહત્વપૂર્ણ બની ગયું છે. જો તમે પણ એઆઇ કૌશલ્ય શીખવા માંગતા હો, તો તમે NBT Upskill AI ના કારકિર્દી વળદ્ધિ વર્કશોપની મદદ લઈ શકો છો. આ પ્રસંગે, ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ ડો. વિનીત જોશીએ જણાવ્યું હતું કે કૌશલ્ય-આધારિત અભ્યાસક્રમોની સાથે, BA, BCom અને BSc જેવા સામાન્ય અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફારોનો અવકાશ છે. તેમણે કહ્યું કે ભારતમાં ૧,૨૦૦ થી વધુ યુનિવર્સિટીઓ છે, અને બધી યુનિવર્સિટીઓ પોતાના અભ્યાસક્રમો અને અભ્યાસક્રમો વિકસાવે છે. નીતિ આયોગના આ અહેવાલને પગલે, યુનિવર્સિટીઓને નવી તકનીકો અનુસાર અભ્યાસક્રમો વિકસાવવા કહેવામાં આવશે, અને આ પ્રક્રિયા શક્ય તેટલી વહેલી તકે અપનાવવી જોઈએ.

શાળા શિક્ષણ સચિવ સંજય કુમારે જણાવ્યું હતું કે અટલ ઈનોવેશન મિશન હેઠળ અટલ ટિંકરિંગ લેબ્સમાં મોટા પાયે એઆઇ લાગુ કરવામાં આવશે. બાળકોમાં નવીનતા અને વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન આપવા માટે સરકારી શાળાઓમાં આ અટલ ટિંકરિંગ લેબ્સ સ્થાપિત કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે એઆઇના આગમન સાથે, આપણું પ્રાથમિક ધ્યાન ફક્ત રોજગાર સર્જન અને નોકરી ગુમાવવાને બદલે આ નવી ટેકનોલોજીને શક્ય તેટલી ઝડપથી અપનાવવા અને તેના લાભો લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા પર હોવું જોઈએ. ૧૯૯૦ ના દાયકામાં કમ્પ્યુટર, ઈમેઈલ અને ઇન્ટરનેટ રજૂ કરવામાં આવ્યા ત્યારે પણ આવી જ ચર્ચાઓ થઈ હતી, પરંતુ આ ટેકનોલોજી દ્વારા કેટલો ફેરફાર લાવવામાં આવ્યો છે? કોઈપણ નવી ટેકનોલોજીના પરિચય સાથે વિશ્વમાં સુધારાનો ટ્રેક રેકોર્ડ છે. કેન્દ્ર સરકાર સ્કીલ ઈન્ડિયા ઇકોસિસ્ટમમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને મિક્સ્ડ રિયાલિટી જેવી ટેકનોલોજીનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓને વધુ સારા કારકિર્દી વિકલ્પો પ્રદાન કરવાના મિશન પર કામ કરી રહી છે. CBSE એ ૨૦૧૯ માં તેની શાળાઓમાં એઆઇ વિષય રજૂ કર્યો હતો. ૨૦૨૪-૨૫ ના સત્રમાં, ૪,૫૩૮ શાળાઓના આશરે ૭,૯૦,૯૯૯ વિદ્યાર્થીઓએ ૯મા અને ૧૦મા ધોરણમાં અઈ વિકલ્પ પસંદ કર્યો છે. ૯૪૪ શાળાઓના ૫૦,૩૪૩ વિદ્યાર્થીઓએ સિનિયર સેકન્ડરી સ્તરે આ વિષય પસંદ કર્યો છે. CBSE શાળાઓમાં આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવી રહ્યું છે, ત્યારે શિક્ષણ મંત્રાલય હવે દેશભરના વિદ્યાર્થીઓને કૌશલ્ય અભ્યાસક્રમના વિકલ્પો પૂરા પાડવાની યોજના પર કામ કરી રહ્યું છે. CBSE શાળાઓમાં એઆઇ અને મશીન લર્નિંગ અભ્યાસક્રમોની ખૂબ માંગ છે.



## વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત રોશનીનો શણગાર

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રાના ૨૪ વર્ષની સફળતાની ઉજવણી અંતર્ગત વિકાસ સપ્તાહનું આયોજન કરાયું છે. વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેને લઈ જામનગર મહાનગર પાલિકા કચેરી ખાતે રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. રાત્રીના સમયે જામનગર મહાનગરપાલિકાની કચેરી રોશનીનો શણગારથી ઝળહળી ઉઠી હતી.

# ગુજરાત પોલીસની તૈયારી કરતાં ઉમેદવારો માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ગુજરાત પોલીસ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અને ગુજરાત સબઓર્ડીનેટ સર્વિસ સિલેક્શન બોર્ડમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે એક ખાસ વ્યાપક સપ્તાહાંત તાલીમ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પહેલ ગુજરાતમાં ભાવિ કાયદા અમલીકરણ અને જાહેર સેવા કર્મચારીઓની તૈયારી અને વ્યાવસાયિક ક્ષમતા વધારવાની ઈઈની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ વિશિષ્ટ કાર્યક્રમ એક મહિનાના સમયગાળા માટે દર શનિવારે ચલાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. તે ૧ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થશે અને ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે, જેમાં કુલ ચાર શનિવારનો સમાવેશ થાય છે. આ તમામ સત્રો યુનિવર્સિટીના અત્યાધુનિક કેમ્પસમાં યોજાશે, જે ઉમેદવારોને શ્રેષ્ઠ શિક્ષણ વાતાવરણ પૂરું પાડશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સહભાગીઓની તૈયારી, શારીરિક કાર્યક્ષમતા અને એકંદર વ્યાવસાયિક ક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવાનો છે. આ લક્ષ્ય નિષ્ણાત પ્રશિક્ષકોની દેખરેખ હેઠળ, માળખાગત માર્ગદર્શન અને વ્યવહારુ સત્રોનો સમાવેશ કરતા કાળજીપૂર્વક રચાયેલા અભ્યાસક્રમ દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે.

વીકેન્ડ તાલીમ કાર્યક્રમ માટેનો અભ્યાસક્રમ વ્યાપક છે, જેમાં ઉપરોક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા છે. વિષયોમાં મુખ્યત્વે ભૂગોળ, ગણિત, તર્ક અને NCERT તથા GCERT અભ્યાસ ક્રમમાંથી મેળવેલી સામગ્રીનો સમાવેશ થાય છે. આ સર્વાંગી અભિગમ શૈક્ષણિક જ્ઞાન અને વિવેચનાત્મક વિચારસરણી કૌશલ્ય બંનેને સંબોધીને ઉમેદવારોને સારી રીતે તૈયાર કરવાની ખાતરી આપે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓને સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ બનવા માટે જરૂરી આત્મવિશ્વાસ અને સાધનોથી સજ્જ કરવાનો છે. આ તાલીમ માટે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૫૦૦ ફી લેવામાં આવશે.

વ્યાખ્યાનનું સમયપત્રક બે સત્રોમાં વહેંચાયેલું હશેઃ સવારનો સત્રઃ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી બપોરનો સત્રઃ બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦ વાગ્યા સુધી આ લવચીક સમયપત્રક ઉમેદવારોને તેમની સાપ્તાહિક દિનચર્યાઓમાં નોંધપાત્ર વિક્ષેપ વિના તેમની તૈયારી આગળ વધારવાની સુવિધા પૂરી પાડે છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ભારત સરકારના સંસદના કાયદા દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે. તે રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ વહીવટના અભ્યાસ અને સંશોધન માટે સમર્પિત છે. RRU તેના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો અને તાલીમ પહેલ દ્વારા વિવિધ સુરક્ષા ક્ષેત્રોમાં ઉચ્ચ કુશળ વ્યાવસાયિકો અને નેતાઓ વિકસાવવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ તાલીમ કાર્યક્રમ ગુજરાતના યુવાનોને સરકારી સેવાઓમાં જોડાવા માટે એક ઉત્તમ તક પૂરી પાડે છે.

# સરકાર કાળા નાણાં એકટ ૨૦૧૫ 'હળવો' બનાવશે

## ૧૦ વર્ષમાં રૂ.૩૫૦૦૦ કરોડથી વધુના કેસ પણ વસુલાત ફકત રૂ.૩૭૯ કરોડની થઈ

દેશમાં ૨૦૧૫માં કાળાનાણા સામે આકરા કાનૂન લાવ્યા બાદ તેના હેઠળ પાડવામાં આવતા દરોડા અને વાસ્તવિક વસુલાત વચ્ચે મોટા બેનર બાદ અને ખાસ કરીને આવકવેરા-કાનૂન-૧૯૬૧માં થયેલા ધરખમ સુધારા આગામી વર્ષથી લાગુ થનારા નવા આઈટી એકટને ધ્યાનમાં રાખી હવે બ્લેક મની એકટ ૨૦૧૫ની કેટલીક આકરી કાનૂની જોગવાઈ રદ કરવા તૈયારી રહી છે. સંસદમાં બજેટ સત્રમાંજ અપાયેલ માહિતી મુજબ ૨૦૧૫માં આ કાનૂન અમલમાં આવ્યા બાદ રૂ.૩૫૦૦૦ કરોડથી પણ વધુના કાળા નાણા સંદર્ભમાં ૧૦૨૧ જેટલી તપાસ એક દશકામાં થઈ છે પણ ફરી રૂ.૩૩૮ કરોડની જ વસુલાત થઈ ચૂકી છે. બીજી તરફ આવકવેરા એકટની કરચોરી વિ. સામે જે દંડાત્મક સહિતની જોગવાઈ છે તેના કરતા આ ખાસ કાનૂનની જોગવાઈ વધુ પડતી આકરી છે. તેથી તેમાં અનેક વખત અદાલતી પ્રક્રિયામાં આવકવેરા વિભાગને પછડાટ સહન કરવી પડે છે. એક રિપોર્ટ મુજબ હવે સરકાર ધ બ્લેક મની (વિદેશી મિલ્કત તથા આવક) તથા ઈમ્પોઝીશન ઓફ એકટ ૨૦૧૫ની ઉચ્ચકક્ષાએ સમીક્ષા કરી રહી છે. સૌથી વધુ આ કાનૂન હેઠળ દશકાઓ અગાઉ જે આવક થઈ હોય અને આવકવેરા વિભાગને તેનો ખ્યાલ આવ્યો હોય તેમાં જે વર્ષમાં બ્લેકમની જાહેર થઈ હોય તે વર્ષમાં તેની આવક ગણવામાં આવે છે.પણ આવકવેરા કાનૂન મુજબ રૂ.૫૦ લાખ કે તેથી વધુની તો પાંચ વર્ષ સુધી આઈટી વિભાગ પાછળ જઈ શકે છે અને રૂ.૫૦ લાખથી ઓછી આવક જાહેર થઈ હોય તો ત્રણ વર્ષ પુર્વેના રીએસેસમેન્ટ થાય છે અને તેથી હવે બ્લેકમની એકટ હેઠળથી કલમ ૭૨ (સી)ની જોગવાઈ રદ કરશે. જૂની દશકા પુર્વેની આવકના પુરાવા-ડોકયુમેટ વિ. મેળવવા પણ પ્રશ્ન છે અને આ કાનૂનની પાછલી અસરની જોગવાઈથી અનેક તબકકે કાનૂની મુદાઓ ઉભા થયા છે. અનેક વખત જે તે એસ્ટેટ પણ અનેક હાથ બદલો કરી ચુકી હોય છે. કાળા નાણા કાનૂન હેઠળ ૩૦% ટેક્ષ અને ૯૦% પેનલ્ટી એમ ૧૨૦%નો ટેક્ષ વસુલાય છે જેમાં આવકવેરા વિભાગના મહતમ ૯૦% ટેક્ષ તમામ દંડ વિ. સાથે વસુલી શકાય છે.

આવકવેરા કાનૂનમાં આવક તેના રિટર્નમાં દર્શાવવા નહી બદલ કામ ચાલે છે. જયારે કાળા નાણા હેઠળ જાહેર નહી કરેલ મિલ્કતો-આવક આવે છે.આ ઉપરાંત કાળા નાણા હેઠળના કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટ હેઠળ એન્ફોર્સમેન્ટ વિભાગ પણ તપાસમાં જોડાઈ શકે છે તથા વિદેશી હુંડીયામણ ધારા હેઠળ પણ કામ લઈ શકે છે પણ હવે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટમાં પણ ૨૦૧૫ બાદ અનેક ફેરફાર થયા છે પણ એક તર્ક એવો છે કે કોઈએ ઈરાદા વગર આવક છુપાવી હોય તો તેને કરચોર ગણવાની જે વૃતિ છે તે બંધ કરી ફકત જેઓ આદતી કરચોર છે તેમની પાછળ જ કડક કાનૂનથી જવુ જોઈએ અથવા આવકવેરા વિભાગ આ પ્રકારના કેસમાં સમય નાણાની બરબાદી કરે છે પણ વસુલાત સાવ ઓછી છે તે યથાવત રહેશે.


# હવે સોશ્યલ મીડિયા પણ ચૂંટણી આચાર સંહિતામાં સામેલ

## સાત મુદ્દાનો કડક અમલ કરવા પક્ષોને પંચની તાકિદ

બિહાર ચૂંટણીની જાહેરાત પછી, રાજકીય પક્ષો ઝડપથી ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. એકબીજાને હારી પાડવા માટે એઆઇ અને સોશિયલ મીડિયા જેવા પ્લેટફોર્મનો આશરો લઈ રહ્યા છે.

ચૂંટણી શરૂ થાય તે પહેલાં જ, ચૂંટણી પંચે રાજકીય પક્ષોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા જાળવવાની જરૂરિયાત પર કમિશને સ્પષ્ટતા કરી સાત મુદ્દાનો પત્ર જારી કર્યો હતો. કમિશને જણાવ્યું હતું કે, આ વખતે આચાર સંહિતાના ક્ષેત્રમાં સોશિયલ મીડિયા સહિત ઇન્ટરનેટનો સમાવેશ થશે. અગાઉ, આચારસંહિતા ફક્ત પાયાના સ્તરે લાગુ કરવામાં આવતી હતી. આદર્શ આચારસંહિતા માર્ગદર્શિકાનું પાલન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. આ માર્ગદર્શિકાના કોઈપણ ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ વખતે, કમિશન ચૂંટણી વાતાવરણને જોખમમાં ન નાખવા માટે સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર નજીકથી નજર રાખશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અને આઠ વિધાનસભા મતવિસ્તારોની પેટાચૂંટણીઓની જાહેરાત સાથે આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. આ જોગવાઈઓ ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા ઇન્ટરનેટ પર પોસ્ટ કરાયેલ સામગ્રી પર પણ લાગુ થશે. જેમાં સોશિયલ મીડિયાનો પણ સમાવેશ થાય છે. આ નિયમ બિહારની સામાન્ય ચૂંટણીઓ અને વિવિધ રાજ્યોમાં એકસાથે યોજાનારી વિધાનસભાની પેટાચૂંટણીઓ પર પણ લાગુ પડશે.

# 30 નવે. સુધીમાં જીવન પ્રમાણપત્ર નહીં મળે તો પેન્શન બંધ થઈ જશે




સમયસર પેન્શન મેળવવા માટે તમારે દર વર્ષે જીવન પ્રમાણપત્ર સબમિટ કરવું આવશ્યક છે. ૮૦ વર્ષથી વધુ ઉંમરના પેન્શનરો માટે તેને સબમિટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તેઓ ૩૦ નવેમ્બર સુધી તેને સબમિટ કરી શકે છે. ૬૦ થી ૮૦ વર્ષની વયના વરિષ્ઠ નાગરિકો ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી તેને સબમિટ કરી શકે છે. તમે આ કામ ૧ નવેમ્બર સુધીમાં કરી શકશો. આ ઘરે બેઠા સરળતાથી ઓનલાઈન કરી શકાય છે. ફકત સતાવાર એપ્લીકેશન ડાઉનલોડ કરો વધુમાં તમે પોસ્ટમેનને તમારા ઘરે બોલાવીને તે સબમિટ કરાવી શકો છો. જો તમે ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બરની વચ્ચે આ પ્રમાણપત્ર સબમિટ નહીં કરો, તો તમારૂ પેન્શન બંધ થઈ શકે છે.

જીવન પ્રમાણપત્ર એ પેન્શનરો માટે બાયોમેટ્રિક આધારિત ડિજિટલ જીવન પ્રમાણપત્ર છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અન્ય સરકારી સંસ્થાઓનાં નિવૃત્ત કર્મચારીઓ માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે બતાવે છે કે પેન્શન મેળવનાર વ્યક્તિ જીવિત છે કે નહીં. આ પ્રમાણપત્ર એક વર્ષ માટે માન્ય છે. એટલે કે ડિસેમ્બર મહિનાથી પેન્શન મેળવવા માટે ૩૦ નવેમ્બર સુધીમાં ફરીથી આ સર્ટિફિકેટ જમા કરાવવું જરૂરી છે.

# નવાનગર બેંક દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું






ગાંધી જયંતી નિમિતે દેશભરમાં સ્વચ્છતા અભિયાનના આયોજનો થયા હતાં. સહકાર સપ્તાહ અંતર્ગત નવાનગર બેંક હેડ ઓફિસ પાસે રોડ ઉપર સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવાનગર બેંકના સીઈઓ પાઢભાઈ, એજીએમ સુનીતાબેન, પાઠકભાઈ, રીંડાણીભાઈ, હિતેશભાઈ ઝવેરી, અજયભાઈ શેઠ સહિતના અધિકારીઓ તથા સ્ટાફ ઉપસ્થિત રહી સફાઈ અભિયાનમાં જોડાયા હતાં. હરેશ નંદા દ્વારા આયોજન કરાયું હતું.

# સમર્પણ સર્કલ પાસેનો માર્ગ ભૂર્ગભ ગટર કામગીરીને લઈ બે માસ બંધ

ભૂગર્ભ ગટર કામગીરીને લઈ સમર્પણ સર્કલ નજીકનો માર્ગ બંધ રાખવા કમિશનર દ્વારા જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. જામનગર મહાનગર પાલિકાની હદમાં સમર્પણ હોસ્પિટલ પાસે સમર્પણ સર્કલથી જામનગર જામખંભાળિયા બાયપાસ સર્કલ સુધીના રસ્તા પર આવેલ સ્વામીનારાયણ મંદિરના ગેટ નં ૧ થી જામખંભાળિયા બાયપાસ સર્કલ સુધી જામનગરથી જામખંભાળિયા જતા રસ્તાની મધ્યરેખા પરના રોડ ડિવાઈડરની દક્ષિણ દિશા તરફના રસ્તામાં ભુગર્ભ ગટરની મુખ્ય પાઈપ લાઈન નાખવાની કામગીરી અનુસંધાને સલામતીના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી તા.૧૪-૧૦-૨૦૨૫ થી તા. ૧૩-૧૨-૨૦૨૫ એટલે કે, ૨ માસ સુધી તમામ વાહન વ્યવહાર બંધ રાખવા જાહેર નોટીસ બહાર પાડવામાં આવે છે. જે કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તેની સામે ધી બી.પી. એમ.સી. એક્ટ ૧૯૪૯ કલમ - ૩૯૨ અનુસાર દંડની કાર્યવાહી કરવામાં આવશે. સમર્પણ હોસ્પિટલ પાસે સમર્પણ સર્કલથી જામનગર જામખંભાળિયા બાયપાસ સર્કલ સુધીના રસ્તા પર આવેલ સ્વામીનારાયણ મંદિરના ગેટ નં ૧ થી જામખંભાળિયા બાયપાસ સર્કલ સુધી જામનગરથી જામખંભાળિયા જતા રસ્તાની મધ્યરેખા પરના રોડ ડિવાઈડરની દક્ષિણ દિશા તરફનો રસ્તો બંધ રહેશે.

## તા.૧૪ ઓકટોબરથી ૧૩ ડિસેમ્બર સુધી વાહન વ્યવહાર અંગે કમિશ્નરની જાહેર નોટીસ

# ફળ આધારિત પીણાં કે એનર્જી ડ્રિંક્સમાં 'ઓઆરએસ' લખવું હવે ગુનો ગણાશે

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓ સામે કડક વલણ અપનાવ્યું છે. એફએસએસએઆઈએ એક આદેશ જારી કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, કોઈપણ ખાદ્ય કે પીણા ઉત્પાદક તેના બ્રાન્ડ નામમાં ઓઆરએસ (ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટ્સ) શબ્દનો ઉપયોગ કરી શકશે નહીં સિવાય કે તે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા નિર્ધારિત મૂળ ઓઆરએસ ફોર્મ્યુલા પર આધારિત હોય. અગાઉ, કંપનીઓને તેમના ઉત્પાદન નામોમાં 'ઘછજ' શબ્દનો ઉપયોગ કરવાની મંજૂરી હતી, જો કે તેઓએ ચેતવણી આપી હોય કે તે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ભલામણ કરાયેલ ઓઆરએસ ફોર્મ્યુલા નથી.

જો કે, એફએસએસએઆઈ એ હવે આ પરવાનગી સંપૂર્ણપણે રદ કરી દીધી છે. આનો અર્થ એ છે કે, કોઈપણ ચેતવણી આપ્યા પછી પણ ઓઆરએસ શબ્દનો ઉપયોગ કરી શકાતો નથી. એફએસએસએઆઈએ સ્પષ્ટતા કરી હતી કે, ઘણી કંપનીઓ તેમના ફળ-આધારિત પીણાં, એનર્જી ડ્રિંક્સ અથવા રેડી-ટુ-ડ્રિંક ઉત્પાદનોને ઓઆરએસ તરીકે માર્કેટિંગ કરી રહી છે, ભલે તેમાં ડબલ્યુ એચઓ ફોર્મ્યુલા મુજબ જરૂરી માત્રામાં ગ્લુકોઝ, સોડિયમ અને પોટેશિયમ ન હોય. આવા ઉત્પાદનો માત્ર ગેરમાર્ગે દોરનારા નથી પણ બીમાર અથવા ડિહાઈડ્રેશનથી પીડાતા લોકો માટે પણ હાનિકારક હોઈ શકે છે. નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ પર એફએસએસએઆઈ એક્ટ, ૨૦૦૬ ની કલમ ૫૨ અને ૫૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. એફએસએસએઆઈએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ફૂડ સેફ્ટી કમિશનરોને તમામ ઉત્પાદનોમાંથી ઓઆરએસ શબ્દ તાત્કાલિક દૂર કરવા અને લેબલિંગ અને જાહેરાત સંબંધિત નિયમોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ નિર્ણય જાહેર હિતમાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે ઓઆરએસએ ડિહાઈડ્રેશન અને ઝાડા જેવી પરિસ્થિતિઓમાં ડોક્ટરની સલાહ પર ઉપયોગમાં લેવાતો જીવનરક્ષક ઉપાય છે. તેથી, ઓઆરએસ નામથી બજારમાં ઉપલબ્ધ કોઈપણ ઉત્પાદન ખરેખર ડબલ્યુએચઓ ધોરણો અનુસાર હશે.

# આપણે એવા દેશમાં નથી જીવી રહ્યા કે જયાં કોઈ કાયદાનું શાસન નથી: હાઈકોર્ટની ટકોર



વડોદરાના એક કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ એ.એસ. સુપહીયા અને જસ્ટિસ એલ. એસ. પીરઝાદાની ખંડપીઠ ટકોર કરી હતી કે, આપણે એવા દેશમાં નથી જીવી રહ્યા કે જયાં કોઈ કાયદાનું શાસન નથી.

વડોદરા મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અને કથિત વ્હીલર બ્લોઅરે ટેન્ડર પ્રક્રિયામાં બનાવટી દસ્તાવેજ પૂરા પાડયા બાદ જીવનું જોખમ હોવાનું કારણ મ ધરીને જુબાની માટે આગળ આવવાનો ઈન્કાર કરવામાં આવતા હાઈકોર્ટે ઉપરોક્ત ટકોર કરી હતી.

બીજી બાજુ હાઈકોર્ટે આ કેસમાં અરજી કરનાર કંપનીને રાહત આપવાનો ઈન્કાર કરી દંડ ફટકારવાની વાત કરતાં આખરે કંપની તરફથી કરાયેલી અરજી પાછી ખેંચી લેવાઈ હતી. વડોદરા મનપા દ્વારા અપાયેલા એક કોન્ટ્રાકટમાં ટેન્ડર સંબંધી ગેરરીતિને લઈ આક્ષેપ કરતી અરજદાર તરફથી કરાયેલી અરજીમાં.

જે બે દસ્તાવેજો કોન્ટ્રાક્ટ મેળવવા માટે અરજી કરનાર એક કંપની દ્વારા મૂકવામાં આવ્યા હોવાની રજૂઆત અરજદાર કંપની તરફથી કરાઈ હતી. પરંતુ આ દસ્તાવેજો કોણે આપ્યા તે બાબતે હાઈકોર્ટ તરફથી પૂછપરછ કરવામાં આવતા અરજદાર કંપનીના વકીલે જણાવ્યું હતું કે કર્મચારી ઉપર જોખમના કારણે ભયભીત હોવાથી તેનું નામ જાહેર કરાય તેમ નથી વ્હીસલ બ્લોઅર કર્મચારી જાહેરમાં આવવાની હિંમત કરે તો તેમણે નિશાન બનાવાય તેમ છે. આથી વકીલે સોગંધનામાં ઉપર નામ આપવાનો ઈનકાર કર્યો હતો. જો કે, હાઈકોર્ટે આ વાતને લઈ નારાજગી વ્યકત કરતા જણાવ્યુ હતું કે, આપણે કંઇ એવા દેશમાં નથી કે જયાં કાયદાનું શાસન નથી. શું તમારો કહેવાનો મતલબ એ છે કે, વડોદરા મનપા જ ખુદ તેના પોતાના કર્મચારીને ધમકી આપી રહ્યું હ્યય છે. ?? તો પછી તમે તેના દ્વારા અપાયેલો દસ્તાવેજો પર શા માટે - આધાર રાખી રહ્યા છો..?? તમે જાહેર કરવા નથી માંગતા કે તમે કયા અધિકાર હેઠળ દસ્તાવેજો મેળવ્યા છે તો પછી તમારી અરજીનો કોઈ મતલબ નથી. હાઈકોર્ટે અરજદાર પર દંડ લાદવાની ચીમકી ઉચ્ચારતાં છેવટે અરજદાર કંપનીને પોતાની અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી.

# વિકાસ સપ્તાહ અંગે રાજયભરમાં ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાને ઉજવવા રાજય સરકાર દ્વારા વિકાસ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજયના દરેક જિલ્લા દીઠ એક 'વિકાસ રથ'ને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસ રથ ગામડે-ગામડે ફરીને વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય તેમજ અન્ય નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી રહ્યો છે.

વિકાસ સપ્તાહ દરમિયાન ગામડે-ગામડે ફરી રહેલા રાજય સરકારના ૩૪ વિકાસ રથ સાથે રાજય મંત્રી મંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્યઓ ઉપરાંત ૯,૩૬૩થી વધુ સ્થાનિક પદાધીકારી-અધિકારીઓ અને ૨.૪૬ લાખથી વધુ નાગરીકો જોડાયા હતા. સપ્તાહ દરમિયાન વિકાસ રથના માધ્યમથી રાજયભરમાં કુલ રૂ. ૯૫૯ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં કુલ રૂ. ૭૦૪.૯૫ કરોડના ૪,૨૫૧ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૨૫૪.૧૪ કરોડના ૪,૭૭૨ કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૨૪,૫૩૩ લાભાર્થીઓને કુલ રૂ. ૭૯.૨૪ કરોડની સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ, વિકાસ રથ સાથે જોડાયેલા કુલ ૨,૪૩,૭૫૪થી વધુ નાગરિકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લીધી હતી. ગુજરાત સરકારની આ વિકાસ યાત્રામાં રાજયના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને જોડવામાં આવી રહ્યા છે, જેથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં દરેક નાગરિક પોતાનું મહત્તમ યોગદાન આપી શકે.

# જામનગર જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ

## ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ આગામી તા.30 ઓક્ટોબર સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર હેઠળના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫નું આયોજન આગામી સમયમાં કરવામાં આવનાર છે. સ્પે. ખેલ મહાકુંભ-૨૦૨૫નું ઓફલાઈન રજીસ્ટ્રેશન તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી ચાલુ રહેશે. જેમાં વિવિધ કેટેગરીના દિવ્યાંગ ખેલાડીઓ જેવા કે માનસિક ક્ષતિગ્રસ્ત, શારીરિક ક્ષતિગ્રસ્ત, અંધજન, શ્રવણ મંદ અને સેરેબ્રલ પાલ્સી ધરાવતા ભાઈઓ/બહેનો આ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫ની સ્પર્ધાઓનું જિલ્લાકક્ષા અને રાજય કક્ષાએ આયોજન થનાર છે. સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં વિવિધ કેટેગરી માટે વયજૂથ જેમાં માનસિક ક્ષતિગ્રસ્ત માટે ૮ થી ૧૫ (જુનિયર, ૧૬ થી ૨૧ (સિનીયર), ૨૨ થી ઉપર (માસ્ટર), શારીરિક ક્ષતિગ્રસ્ત ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર, બ્લાઈન્ડ કેટેગરીમાં ૧૮ વર્ષથી નીચે, ૧૮ વર્ષથી ઉપરના, શ્રવણ મંદ કેટેગરીમાં ૧૬ વર્ષ થી નીચે, ૧૬ વર્ષ થી ઉપર, ૪૫ વર્ષ થી ઉપર, સેરેબ્રલ પાલ્સીમાં ઓપન એજ વયજૂથ નક્કી કરવામાં આવ્યા છે. પે.ખેલમહાકુંભ-૨૦૨૫ માં ઓફલાઈન રજીસ્ટ્રેશન જે-તે સંસ્થો દ્વારા કરવામાં આવશે. જેમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સર્વ શિક્ષા અભિયાન કચેરી-નવાનગર હાઈસ્કુલ, પેરા સ્પોર્ટ્સ એસોસીએશન ઓફ જામનગર, આશાદીપ વિકલાંગ ટ્રસ્ટ, દિગ્વિજય પ્લોટ-૩૨, અલ્તાફ મંજીલ, શ્રીરામ મુક બધીર શાળા-આણદાબાવા તથા ઓમ ટ્રેનીંગ સેન્ટર જામનગર ખાતે કચેરી સમય દરમિયાન ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે સર્ટીફીકેટનું વેરીફીકેશન બાદ જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં જિલ્લાકક્ષાએ અને રાજયકક્ષાએ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જેથી જામનગર જિલ્લાના વધુમાં વધુ દિવ્યાંગ ખેલાડીઓએ આ સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૫માં રજીસ્ટ્રેશન કરાવવા અને ભાગ લેવા જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આઈટી રિટર્ન ફાઈલ કરવાની તારીખ 30 નવેમ્બર સુધી લંબાવવા ગુજરાત હાઈકોર્ટના નિર્દેશ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના આદેશમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની નિયત તારીખ લંબાવીને ૩૦મી નવેમ્બર, ૨૦૨૫ કરવા માટે તાત્કાલિક નિર્દેશો જારી કર્યા છે. જસ્ટિસ ભાર્ગવ ડી. કારીયા અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, જ્યારે ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની તારીખ ૩૧મી ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી હતી, ત્યારે આવકવેરા કાયદાની જોગવાઈઓ મુજબ બંને વચ્ચે એક મહિનાનો ગાળો જાળવવા માટે ITR ફાઈલ કરવાની નિયત તારીખ પણ લંબાવવી જરૂરી છે. ઈન્કમટેક્સ બાર એસોસિએશન દ્વારા દાખલ કરાયેલી રિટ અરજી પર સુનાવણી કરતાં હાઈકોર્ટે CBDT પાસે સ્પષ્ટતા માંગી હતી કે જ્યારે ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની તારીખ લંબાવવામાં આવી, તો ITR apCg કરવાની તારીખ કેમ લંબાવવામાં આવી નહીં. હાઈકોર્ટે સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ ટાંકતા જણાવ્યું હતું કે, કલમ-૪૪ એબી હેઠળ ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવાની તારીખ અને આવકનું રિટર્ન ફાઈલ કરવાની નિયત તારીખ વચ્ચે એક મહિનાનો સમયગાળો રાખવાનો વિધાનસભાનો હેતુ છે. આ સમયગાળો વ્યવસાય કે બિઝનેસમાંથી આવક ધરાવતા કરદાતાઓને રિટર્ન ફાઈલ કરવામાં સક્ષમ બનાવવા માટે જરૂરી છે.

# દુનિયામાં ભારતીય વાયુ સેના ત્રીજી સૌથી શકિતશાળી ફોર્સ બની



રશિયા-યુક્રેન યુધ્ધથી ઓપરેશન સિંદુર સુધી સાબિત થઇ ગયું છે કે ભવિષ્યના યુધ્ધમાં હવાઈદળની ભૂમિકા સૌથી મહત્વની હશે અને તેથી જ ભારતે હવે તેના હવાઈદળને વધુ સક્ષમ કરવાની જે તૈયારી કરી છે અને આધુનિક સિકસ્થ જનરેશન ફાઈટર પ્લેન જે દુનિયામાં બનવા લાગ્યા છે તેને પણ ભારતીય હવાઈદળમાં સ્થાન મળે તે માટે પ્રયત્ન શરૂ કર્યા છે.તો હાલમાં જ એક અભ્યાસમાં દર્શાવાયું છે કે રશિયા અને અમેરિકા બાદ ભારત સૌથી શકિતશાળી એરફોર્સ ધરાવે છે. અમેરિકા આ પ્રકારે હવાઈ શકિતમાં પ્રથમ ક્રમે છે, બીજા ક્રમે રશિયા આવે છે તો સૌથી મહત્વનું છે કે ભારતે ચીનને પણ પાછળ છોડીને આ શ્રેણીમાં ત્રીજુ સ્થાન મેળવ્યું છે. દુનિયાના હવાઈદળો પર નજર રાખનાર આંતરરાષ્ટ્રીય એજન્સી, WDMMA ના રીપોર્ટ મુજબ ૨૦૨૫માં ભારતે ત્રીજુ રેન્કીંગ મેળવ્યું છે. જયારે ચીન ચોથા સ્થાને છે અને હાલમાં જ ઓપરેશન સિંદુરમાં ભારતના હાથે માર ખાનાર પાકિસ્તાન ટોપ-૧૦માં પણ નથી. આ અંગે પ્રસિધ્ધ થયેલા રિપોર્ટ મુજબ યુક્રેન સંકટ અને મધ્ય પૂર્વમાં જે રીતે તનાવ છે તેના કારણે વિશ્વમાં સૈન્ય પાછળનો ખર્ચ ૨.૪૪ ટ્રીલીયન ડોલર જે અત્યાર સુધીના સૌથી વધુ ગણી શકાય તે તબકકે પહોંચી ગયો છે અને ગત વર્ષની તુલનામાં ૬.૮ ટકા વધ્યો છે અને તેમાં દુનિયાભરની સેનાઓ પોતાના હવાઈદળને વધુને વધુ શકિતશાળી બનાવવામાં પ્રયત્નશીલ છે.અમેરિકા લાંબા સમયથી લશ્કરી તાકાતમાં પણ પ્રભુત્વ ધરાવે છે અને હવાઇ દળમાં તે દુનિયામાં પ્રથમ ક્રમે છે. આ રીપોર્ટ મુજબ અમેરિકી હવાઈદળની શકિત એ રશિયા, ચીન, ભારત, દક્ષિણ કોરીયા અને જાપાનની કુલ ક્ષમતા કરતા પણ વધુ છે. કારણ કે અમેરિકા તેના સૈન્ય પાછળ ૪૦ ટકા રકમ જેટલી ખર્ચે છે જે દુનિયામાં સૌથી વધુ છે.ગ્લોબલ ફાયર પાવર ઈન્ડેક્ષના રીપોર્ટમાં અમેરિકા બાદ બીજા ક્રમે રશિયા છે પરંતુ તેની કુલ ક્ષમતા અમેરિકાના ત્રીજા ભાગ જેટલી છે જયારે ત્રીજા ક્રમે ભારત આવે છે અને આ રીપોર્ટમાં દર્શાવાયું છે કે ભારત બહુ ઝડપથી પોતાની હવાઇ ક્ષમતા વિસ્તારી રહ્યું છે.

# સમાજ સુરક્ષા કચેરી દ્વારા જિલ્લાના ૪૨૨ ગામોમાં ખાસ ગ્રામસભા યોજાઈ



જામનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા જામનગર જિલ્લાના કુલ ૪૨૨ ગામોમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સંસ્થાના કર્મચારીઓએ દિવ્યાંગજનોને લગત યોજનાઓ અને બાળ સુરક્ષા એકમની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

જેમાં બાળકોનો શાળામાં પ્રવેશ અને હાજરી સુનિશ્ચિત કરવા, કોઈ પણ બાળક ચાલુ અભ્યાસે શાળા છોડી ન જાય તે માટે કાળજી રાખવા, ગામના તમામ બાળકોની નિયમિત રીતે સ્વાસ્થ્યની કાળજી લેવા, આરોગ્ય ચકાસણી અને રસીકરણ કરાવવા, આપણા ગામના બાળકો આંગણવાડી તેમજ મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ મેળવે તે સુનિશ્ચિત કરવા, ગામના બાળકોને કોઈપણ પ્રકારની હિંસા, શોષણ તેમજ ભેદભાવથી સુરક્ષિત કરવા, ગામને બાળ વિવાહમુક્ત ગામ બનાવવા અને ગામમાં બાળ વિવાહ થતા અટકાવવા, ગામનું કોઈપણ બાળક બાળ મજુરી કરશે નહી અને ગામને બાળમજુરી મુક્ત ગામ બનાવવા, ગામમાં નિયમિત બાળ પંચાયત યોજવી વગરે બાબતે સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સમાજ સુરક્ષા વિભાગમાં અને બાળ સુરક્ષા એકમમાં ચાલતી વિવિધ યોજનાઓ વિશે અને દતક વિધાન વિશે ગ્રામજનોને માહિતીગાર કરવામાં આવ્યા હતા. તેમજ નશો નહિ કરવા અંગે તથા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા એક આદર્શ બાળમિત્ર ગામ બનાવવા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

વિવિધ ગામડાઓમાં યોજાયેલ ગ્રામસભાઓમાં ગામના સરપંચઓ, તલાટી મંત્રીઓ, શાળાના આચાર્યઓ, ગ્રામ પંચાયતના સભ્યઓ, આશાવર્કર, આંગણવાડી વર્કર તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં ઓપન વોલીબોલ સ્પર્ધા યોજાઈ

જામનગર ડીસ્ટ્રીકટ વોલીબોલ એસોસીએશન તેમજ PEFI જામનગર દ્વારા ઓપન જામનગર વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં U-14, U-17, ઓપન એજની કુલ ૨૯ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વેન્યુ પાર્ટનર તરીકે ઓશવાલ ઈંગ્લીશ એકેડમી એ સપોર્ટ કર્યો હતો. સ્પર્ધામાં PEFI તેમજ વોલીબોલ એસોસિએશનના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં એસોશિયેશનની સાધારણ સભા પણ યોજાઈ હતી. જેમાં એસોશિયેશનના નવા કારોબારી સભ્યોની પસંદગી કરવામાં આવી હતી. જામનગર ડીસ્ટ્રીકટ વોલીબોલ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરીકે મીતેશભાઈ લાલ, વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ડો. આકાશ ગોહિલ તથા કુલદીપસિંહ ઝાલા, સેક્રેટરી તરીકે દુષ્યંતસિંહ ઝાલા, જો. સેક્રેટરી તરીકે કપિલ ત્રિવેદી તથા ઋષિરાજસિંહ જાડેજા અને ટ્રેઝરર તરીકે જયદીપભાઈ અગ્રાવત ની નિમણુક કરવામાં આવી હતી. એસોશિયેશન ના પૂર્વ પ્રેસિડેન્ટ દુષ્યંતસિંહએ મીતેશભાઈ લાલને સત્તાવાર કાર્યભાર સોપ્યો હતો.







# લોકો પાસે પૈસા નથી દેશમાં નાના ઘરોની માંગ વધી

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતના પ્રોપર્ટી માર્કેટમાં માંગમાં ૩.૧% નો વધારો થયો છે. લોકો નાના ઘરોને વધુ પસંદ કરી રહ્યા છે. એક અને બે બેડરૂમવાળા ફ્લેટ હવે કુલ માંગમાં ૫૪% હિસ્સો ધરાવે છે. બે વર્ષના ઘટાડા પછી આ પહેલો વધારો છે. આ સૂચવે છે કે લોકો હવે પોસાય તેવા આવાસ પર વધુ ધ્યાન આપી રહ્યા છે. આ માહિતી રિયલ એસ્ટેટ પ્લેટફોર્મ મેજિકબ્રિક્સના પ્રોપઈન્ડેક્સ રિપોર્ટમાંથી આવી છે.કુલ આવાસ પુરવઠો પણ ૧% વધ્યો છે, પરંતુ આ ગયા વર્ષ કરતા ૪.૫% ઓછો છે. મોટા શહેરોમાં મિલકતના ભાવ સતત વધી રહ્યા છે. પુણેમાં સૌથી વધુ ૪૧.૪% વધારો જોવા મળ્યો છે. મુંબઈમાં ૨૯.૬% વધારો જોવા મળ્યો છે, જ્યારે ગ્રેટર નોઈડામાં ૨૭.૩% વધારો જોવા મળ્યો છે. હાલમાં બાંધકામ હેઠળના ઘરોની કિંમતો પૂર્ણ થયેલા ઘરો કરતાં વધુ છે. પુણેમાં, સમાન ઘરોની કિંમતો પાછલા ક્વાર્ટર કરતાં ૨૯.૧% વધી છે, જ્યારે પૂર્ણ થયેલા ઘરોની કિંમતો ફક્ત ૧૫.૮% વધી છે. મેજિકબ્રિક્સના સીઈઓ સુધીર પાઈએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કોમ્પેક્ટ અને મિડ-સેગમેન્ટ ઘરો તરફ નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે નાણાકીય અવરોધો ખરીદદારોના વર્તનને અસર કરી રહ્યા છે, ત્યારે માળખાગત સુવિધાઓ અંગેની અપેક્ષાઓ અને બદલાતી ગ્રાહક પસંદગીઓ મુખ્ય શહેરોમાં માંગને આગળ ધપાવી રહી છે. સસ્તા અને જીવનશૈલીને અનુકૂળ ઘરો બનાવનારા વિકાસકર્તાઓ ખીલશે. મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં ખરીદદારો તરફથી મજબૂત માંગ જોવા મળી રહી છે. મુંબઈમાં પુરવઠામાં ૯.૭% અને નવી મુંબઈમાં ૧૦.૭%ઘટાડો થયો હોવા છતાં, ભાવમાં સતત વધારો થયો છે. દુબઈ રિયલ એસ્ટેટ કંપનીઓ ભારતીય ખરીદદારોને આકર્ષવા માટે દિવાળી જેવા તહેવારોનો લાભ લઈ રહી છે. તેઓ ખાસ ઓફરો આપી રહ્યા છે અને મિલકત પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા છે. આવું થઈ રહ્યું છે કારણ કે મુખ્ય ભારતીય શહેરોમાં મિલકતના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ડેન્યુબ ગ્રુપના સ્થાપક અને ચેરમેન રિઝવાન સાજને સમજાવ્યું કે ભારતમાં મિલકતના ભાવ, ખાસ કરીને મુંબઈ, ગઈછ અને બેંગલુરુ જેવા મોટા શહેરોમાં નવી લોન્ચ થયેલી મિલકતોના ભાવ, છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર રીતે વધ્યા છે. મિલકતના ઊંચા ભાવ, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી જેવા વધારાના ખર્ચ સાથે, ઘણા ખરીદદારોને વિદેશમાં વિકલ્પો શોધવાની ફરજ પડી છે. બીજી બાજુ, દુબઈમાં મિલકત ખરીદવી પ્રમાણમાં સસ્તું છે, જેમાં પારદર્શક નિયમો અને આકર્ષક ચુકવણી યોજનાઓ છે.

# જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી





જામનગર તાલુકાના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય દિવ્યેશ-ભાઈ અકબરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાજરા સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો.એચ.એમ. ભૂવાએ સસ્ટેનેબલ ફાર્મિંગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના ૧૩ લાભાર્થીઓને રૂ.૧૯ લાખથી વધુ રકમની સહાયના ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના ૧૬ જેટલા સ્ટોલ મારફતે કૃષિ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીએ જણાવ્યું હતું કે,આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. દેશના વિકાસમાં ખેતી અને ખેતી કરનારા ધરતીપુત્રોનો ખૂબજ મહત્વનો ફાળો રહેલો છે. ગુજરાત રાજયના ખેડૂતોએ કૃષિ, બાગાયત, પશુપાલન અને સહકાર વિભાગના કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવી, પોતાની આગવી સુઝબુઝના સમન્વય થકી ઉત્તમ ખેતી કરીને સમગ્ર દેશમાં ગુજરાતને આગવું સ્થાન અપાવ્યું છે. રાજયના ખેડૂતોનું કૃષિ ઉત્પાદન વધારવા, નવી તાંત્રીકતા ખેડુતો સુધી પહોંચાડવા, વૈજ્ઞાનિકો દ્વારા સીધુ ખેડુતોને માર્ગદર્શન આપવા, ખેતી ખર્ચ ઘટાડવા, આવક વધારવા જેવા ઉદ્દેશો સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન મુખ્યમંત્રી દ્વારા સૌ પ્રથમ વર્ષ ૨૦૦૫-૦૬ માં કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. ખેડૂતોને તમામ પ્રકારના લાભો મળે અને તેમની આવક બમણી થાય તે દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. અને આત્મા પ્રોજેક્ટ થકી ખેડૂતો માટે તાલીમોનું પણ આયોજન કરવામાં આવે છે. ખેડૂતોને મળતી વિવિધ સહાય સીધી તેઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જેના પરિણામે ખેડૂતોને આર્થિક ફાયદો થયો છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રાજ્યકક્ષાના કૃષિ વિકાસ દીવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, અગ્રણી ડો.વિનોદભાઈ ભંડેરી, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદ સભાયા તથા હોદ્દેદારો, અગ્રણી કુમારપાળસિંહ રાણા, જિલ્લા ખેતીવાડી અધિકારી આર.એસ. ગોહિલ, નાયબ પશુપાલન નિયામક તેજસ શુકલ, વિવિધ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# તહેવારને ધ્યાનમાં રાખીને જામનગર એસ.ટી. વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવાશે

## તા.૫ નવેમ્બર સુધી વિવિધ ૮ જેટલા રૂટ પર બસોનું સંચાલન કરાશે



ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને સમગ્ર ગુજરાત રાજયના અલગ-અલગ જિલ્લાઓમાં મુસાફરોને પોતના વતન જવા-આવવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. જેમાં તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી જામનગર એસ.ટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. અને ડેપો ખાતેથી મુસાફરો આ સમયગાળા દરમિયાન એડવાન્સ બુકિંગ પણ કરાવી શકશે.

જો એક જ ગ્રુપના ૫૧ થી વધુ મુસાફરો ગ્રુપ બુકિંગ કરાવશે તો એક્સ્ટ્રા બસની સુવિધા એસ.ટી નિગમ દ્વારા આપવામાં આવશે. માટે દિવાળીના તહેવાર દરમ્યાન જનતાને એસ.ટી બસોની સુવિધાનો વધુમાં વધુ લાભ લેવા એસ.ટી.જામનગરના વિભાગીય નિયામક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે તેના રૂટ અને ભાડુ જેમાં દ્વારકા-જામનગરનું ભાડું રૂ.૧૯૭, દ્વારકા રાજકોટનું ભાડું રૂ.૨૬૯, દ્વારકા-પોરબંદરનું ભાડું રૂ.૧૬૭, દ્વારકા-સોમનાથનું ભાડું રૂ.૨૭૯, દ્વારકા-જુનાગઢનું ભાડું રૂ.૨૫૧, જામનગર-દાહોદનું ભાડું રૂ.૪૪૨, જામનગર-સંજેલીનું ભાડું રૂ.૪૧૮ તથા જામનગર-જુનાગઢનું ભાડું રૂ.૧૮૩ નક્કી કરવામાં આવ્યું છે.

# ધારાસભ્ય રિવાબાનું નિવાસસ્થાને ભવ્ય સ્વાગત



ગુજરાત સરકારના મંત્રીમંડળમાં સ્થાન પામ્યા પછી પ્રથમવાર જ પોતાના મત વિસ્તારમાં જામનગર ખાતે રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાનું જામનગરમાં આગમન થતાં તેમના પંચવટી વિસ્તારમાં સ્થિત બંગલા ખાતે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વેળાએ તેમના પતિ અને સ્ટાર ક્રિકેટર રવિન્દ્ર જાડેજા પણ સાથે રહયા હતા.

# નારણપુરના વેપારી સાથે સાડા છ લાખની છેતરપિંડી


જામનગર તાલુકાના નારણપર ગામમાં રહેતાં વેપારીને ભેટકડી અને ગુંદા ગામના બે શખ્સોએ વિશ્વાસમાં લઈ ૫૨૫ મણ ધાણાની ખરીદી કરી હતી. આ ખરીદી પેટે નાણાં નહીં ચૂકવી વેપારી સાથે વિશ્વાસઘાત કર્યાના બનાવમાં પોલીસે બે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આરંભી હતી.

આ બનાવની વિગત મુજબ જામનગર તાલુકાના નારણપુર વિસ્તારમાં રહેતા સુભાષભાઈ લખુભાઈ ચાંદ્રા નામના વેપારીને વિશ્વાસમાં લઈને પોરબંદર તાલુકાના ભેટકડી ગામના રાજુ મુરૂભાઈ ઓડેદરા અને ભાણવડ તાલુકાના ગુંદા ગામના હિતેશ ભીમાભાઈ રાણાવાયા નામના શખ્સોએ રૂપિયા ૬.૫ લાખની કિંમતના ૫૨૫ મણ ધાણા લીધા હતા.

ધાણા ભરેલી આ ગાડી જામનગરના માર્કેટિંગ યાર્ડમાં પહોંચતી કરવાનું કહી અને આ ધાણા હાપા માર્કેટિંગ યાર્ડમાં પહોંચાડ્યા ન હતા. આ રીતે આરોપીઓ દ્વારા ફરિયાદી સુભાષભાઈ ચાંદ્રાના પૈસા ઓળવી જવા માટેનું સુનિયોજિત કાવતરું રચીને તેમની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યાનું ખુલવા પામ્યું છે. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે સુભાષભાઈ ચાંદ્રાની ફરિયાદ પરથી આરોપી રાજુ ઓડેદરા અને હિતેશ રાણાવાયા સામે જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પરમાર પરિવારનું ગૌરવ

## સામાન્ય જ્ઞાનની પરીક્ષામાં જામનગર જિલ્લામાં વિજેતા બની અસ્મિતાબા રાજ્યકક્ષાએ ભાગ લેશે



મૂળ ગામ મૂળી અને હાલ જામનગર રહેતા અસ્મિતાબા વિરેન્દ્રસિંહ પરમારે દેશની જાણીતી અને પ્રતિષ્ઠિત સંસ્થા INTECH દ્વારા આયોજિત, અને અત્યંત કઠિન ગણાતી સામાન્ય જ્ઞાનની પરીક્ષામાં જામનગર જિલ્લામાં વિજેતા બનીને ઝળહળતી સફળતા મેળવી છે. હાલમાં તેઓ રાજયકક્ષાએ ભાગ લેવા માટે વડોદરા ગયા છે. સમગ્ર પરિવાર માટે આ સૌથી મોટું ગૌરવ છે કે રાજયભરમાંથી વિજેતા બનેલા ઉમેદવારોમાં તેઓ એકમાત્ર દીકરી છે. અસ્મિતાબાની પ્રતિભા માત્ર શૈક્ષણિક ક્ષેત્ર પૂરતી સીમિત નથી. આ અગાઉ તેઓ વોલીબોલ અને ગાયન સ્પર્ધામાં પણ રાજયકક્ષાએ પોતાની પ્રતિભા દર્શાવી ચૂક્યા છે. એટલું જ નહીં, ગત વર્ષે ધોરણ-૮માં પણ તેમણે ૧૦૦માંથી ૧૦૦% માર્ક્સ મેળવીને પોતાની અભૂતપૂર્વ બુદ્ધિમત્તા અને મહેનતનું પ્રમાણ આપ્યું હતું.

# મનોદિવ્યાંગ બાળકો સાથે કલેકટર દ્વારા દિવાળીની ઉજવણી



જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જામનગર શહેરમાં આવેલ ૐ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો સાથે દિવાળીના પર્વની ઉજવણી કરી હતી. કલેક્ટરએ તમામ બાળકોને રૂબરૂ મળી સંવાદ કર્યો હતો. કલેક્ટર અને તેમના પરિવારે મનોદિવ્યાંગ બાળકો સાથે ફટાકડા ફોડ્યા હતા. અને બાળકોને ચોકલેટ તેમજ ફટાકડા આપી દિવાળી પર્વની શુભકામનાઓ પાઠવી હતી. ૐ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા અવનવી ડિઝાઇનના દીવડા બનાવવામાં આવે છે તેની કલેક્ટરએ પણ ખરીદી કરી હતી અને બાળકોની આ કળાને બિરદાવી હતી. સેન્ટર દ્વારા દિવાળીના પર્વ દરમિયાન આ દીવડાઓનું વેચાણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ૪૦૦૦ દીવડાઓ બનાવવામાં આવ્યા હતા અને તે રકમનો બાળકો માટે જ ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ડિમ્પલબેન મહેતા છેલ્લા ૧૭ વર્ષથી ૐ ટ્રેનિંગ સેન્ટર ચલાવે છે. અહીં હાલ ૫ થી ૭૫ વર્ષના ૪૫ જેટલા બાળકો રહે છે. અને આ તમામ બાળકો સાથે રહીને દિવાળીની ઉજવણી કરવા બદલ તેઓએ અને બાળકોએ કલેકટરનો આભાર માની ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

# જામનગર જીલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશિયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ. એફ. સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે. જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી. એન. ખેર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૦૮-૧૧-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રાજયમાં લવ જિહાદને નો એન્ટ્રી : હર્ષ સંઘવી

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમના પ્રથમ જાહેર ઉદબોધનમાં એક તરફ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિમાં તેઓ મોદી મોડેલ અપનાવશે તેવો સંકેત આપતા કહ્યું કે જે રીતે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તે સમયના ગૃહ રાજયમંત્રી અમીત શાહે જે રીતે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિને સંભાળી હતી. મે તેનો અભ્યાસ કર્યો છે અને હું તે રીતે આગળ વધીશ.તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું નેતૃત્વ અને માર્ગદર્શન અમને મળ્યુ છે તે અમારું સૌભાગ્ય છે. તેઓ મુખ્યમંત્રી નહી પરંતુ એક સાથીદાર તરીકે સતત ઉભા રહે છે. સંઘવીએ આ ઉપરાંત સુરતમાં પોલીસ કર્મચારીઓના સ્નેહ મિલનમાં ઉપસ્થિત રહ્યા હતા તે સમયે પોતાની બદલાયેલી જવાબદારીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે તેઓ બેવડી મહેનત કરીને રાજયમાં નાની મોટી ઘટનાઓના ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા અને પોલીસ પરિવારની સાથે ઉભા રહીને કામ કરશે. એક મહત્વના નિવેદનમાં તેમણે લવ જેહાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે હું પ્રેમનો વિરોધી નથી પરંતુ કોઈ મોડેસ ઓપરેન્ડી દ્વારા રાજયની દિકરીઓને નુકસાન પહોંચાડે તે ચલાવી લેવાશે નહી. લવ જેહાદ એ ગુજરાતની સરહદમાં પ્રવેશી શકશે નહી. આમ આગામી દિવસોમાં રાજયમાં લવ જેહાદ સામે આકરા હાથે કામ લેવાની તેઓએ સ્પષ્ટ સંકેત આપી દીધો હતો.

# અરવિંદ કેજરીવાલ ૩૧ ઓકટોબરે ગુજરાત આવશે

બોટાદ માર્કેટિંગ યાર્ડની કડદા પ્રથા સામે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડાએ બાંયો ચડાવી છે. છેલ્લા બે દિવસથી સતત આ મામલે ઘમાસાણ ચાલી રહ્યું છે. એક તરફ તેનો વિરોધ કરતા આમ આદમી પાર્ટીના નેતાઓની અટકાયત કરવામાં આવી રહી છે. તો બીજી તરફ વધુ એક મોટું એલાન બોટાદમાં રાજુ કરપડા દ્વારા કરવામાં આવ્યું છે. આગામી ૩૧ ઓક્ટોબર અને સરદાર વલ્લભભાઈની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવવાના છે ત્યારે જ અરવિંદ કેજરીવાલ પણ અહીં આવીને ખેડૂતોની મહાપંચાયત કરશે. જેનું આહવાન ખેડૂતોને રાજુ કરપડાએ કર્યું છે.

# જી. જી.ના કર્મચારીઓ માટે તાલીમ શિબિર યોજાઈ





રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના 'આરોગ્ય સાથી પ્રોજેક્ટ' અંતર્ગત જામનગરની ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ ખાતે કર્મચારીઓ માટે બે દિવસીય સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.તા. ૧૮-૦૮-૨૦૨૫ થી તા. ૨૫-૦૯-૨૦૨૫ સુધી ચાલેલી આ તાલીમ શિબિરમાં કુલ ૧૭ બેચમાં ૪૫૫ કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા હતા. આ વર્કશોપનું મુખ્ય ફોકસ દર્દી સહાનુભૂતિ, ભીડ વ્યવસ્થાપન અને માનવીય અભિગમ જેવા અગત્યના મુદ્દાઓ પર રહ્યું હતું.

આ તાલીમ આરોગ્યસાથી પ્રોજેક્ટના ટ્રેનર્સ વિપુલ પંડ્યા અને વૈશાલી ચુડાસમા દ્વારા આપવામાં આવી હતી. જેમાં હોસ્પિટલના ફ્રન્ટલાઈન કર્મચારીઓ જેવા કે સફાઈ કર્મચારીઓ, સિક્યોરિટી ગાર્ડ તથા કેસ વિન્ડો ઓપરેટર્સને વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમને હેલ્થ કેર સર્વિસમાં દર્દીઓ સાથે સંવેદનશીલતાથી વર્તવા, તેમની સમસ્યાઓ સમજવા અને માનવીય અભિગમ સાથે શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા અંગે માહિતગાર કરાયા હતા. મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. દીપક તિવારી, અધિક તબીબી અધિક્ષક ડો. દિલીપ ગોહિલ, આર.એમ.ઓ. ડો. પી.આર સક્સેના, સિક્યોરિટી નોડલ ઓફિસર ડો. અજય તન્ના અને એ.એચ.એ. મયુરી સામાણીના સંકલન હેઠળ આયોજિત આ શિબિરના અંતે, દરેક બેચના તાલીમાર્થીઓને અધિકારીઓના હસ્તે સર્ટિફિકેટ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને ભેટ એનાયત કરવામાં આવી હતી.

# અયોધ્યામાં થયા ત્રેતા યુગના દર્શન...



ગત તા. ૧૯ના રોજ અયોધ્યામાં ૯ મો દીપોત્સવ ઊજવવામાં આવ્યો. આ ઉત્સવ દરમિયાન બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યા. પહેલો ૫૬ ઘાટનો હતો. એક સાથે ૨૬ લાખ ૧૭ હજાર ૨૧૫ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. બીજું સરયૂ ઘાટ પર ૨૧૨૮ લોકોએ મહાઆરતી કરી હતી. આ તકે અયોધ્યામાં ફરીથી ત્રેતા યુગ ઉતરી આવ્યો હોય તેવી અનુભૂતિ લોકોએ કરી હતી. ડ્રોનનો ઉપયોગ કરીને દીવાઓની ગણતરી કરવામાં આવી હતી. રામ કી પૈડી ખાતે ૧૧૦૦ ડ્રોનનો ઉપયોગ કરીને એક ખાસ લેસર લાઈટ શો કરવામાં આવ્યો હતો. ૧૧૨ ડ્રોનનો ઉપયોગ કરીને દીવાઓની ગણતરી કરવામાં આવી હતી.

# ચાલુ વાહન પર મોબાઈલનો ઉપયોગ કરતા જ એક યુવક નીચે પટકાયો

## કારચાલકે બ્રેક મારી દેતા જાનહાનિ ટળી

અમદાવાદ પોલીસ લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતતા લાવવા માટે મક્કમ બની છે. ત્યારે અમદાવાદ પોલીસે એક વીડિયો વાયરલ કરીને ચાલુ ગાડીએ મોબાઈલનો ઉપયોગ કરતા લોકોને ચેતવ્યા છે.

ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાની આદત યુવકને ભારે પડી હતી. અચાનક બેલેન્સ ગુમાવતા યુવક બાઈક પરથી નીચે પટકાયો હતો. સમગ્ર ઘટના પાછળથી આવી રહેલી કારના ડેસ્કેમમાં વીડિયો રેકોર્ડ થઈ હતી. જોકે, યુવકે હેલમેટ પહેર્યું હોવાથી તેનો બચ્યો હતો. આ વીડિયો અમદાવાદ શહેરનો છે. જેમા એક ઓવરબ્રિજ પરથી પસાર થતા સમયે એક યુવકે ચાલુ ગાડી પર મોબાઈલનો ઉપયોગ કર્યો હતો. એક હાથમાં મોપેડ અને એક હાથમાં મોબાઈલ હોવાથી તેનું બેલેન્સ બગડ્યું હતું. આ સમયે યુવક નીચે રોડ પર પટકાયો હતો. વક જે મોપેડ પર સવાર હતો તે મોપેડ ફંગોળાઈને ૧૫ થી ૨૦ ફૂટ દૂર ફેંકાઈ ગયું હતું. યુવકની પાછળ આવી રહેલી કારે બ્રેક મારતા યુવકનો જીવ બચ્યો હતો, પરંતુ કારના ડેસ્કેમમા સમગ્ર ઘટના કેદ થઈ હતી. ટ્રાફિક પોલીસે ટ્વિટર ઠ પર સમગ્ર ઘટનાો વીડિયો પોસ્ટ કર્યો છે. સાથે જ અમદાવાદ પોલીસે લોકોને સાવચેત રહેવા અને ટ્રાફિક નિયોમો પાળવા અપીલ કરી છે. અમદાવાદ પોલીસે ટ્વિટર પર વીડિયો શેર કરતા લખ્યું કે, હેલ્મેટ જીવનરક્ષક છે પરંતુ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જીવલેણ સાબિત થઈ શકે છે.

PRINTER/PUBLISHER/OWNED BY PARMAR JITENDRA* PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST. JAMNAGAR, GUJARAT.* PUBLISHED AT 151 BUS STAND NEAR P.H.C SOCIETY SAMANA, Tal :- JAMJODHPUR, DISTRICT :- JAMNAGAR-360520. EDITOR :- PARMAR JITENDRA* Mo.No : 972676 1111